SGCCI

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૨૮/૧૦/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર અને ઇમ્પેક્ટ ફોર ન્યુટ્રીશનના સંયુક્ત ઉપક્રમે ‘પોષણ અભિયાન માટે બહુ–ક્ષેત્રીય કન્વર્જન્સનું અન્વેષણ’ વિશે વેબિનાર યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ઇમ્પેક્ટ ફોર ન્યુટ્રીશનના સંયુક્ત ઉપક્રમે મંગળવારે, તા. ૨૭ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ ‘પોષણ અભિયાન માટે બહુ–ક્ષેત્રીય કન્વર્જન્સનું અન્વેષણ’ વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના પોષણ અભિયાન માટેના નોડલ ઓફિસર ઇલાબા રાણાએ પોષણ અભિયાન વિશે મહત્વની સમજણ આપી હતી. જ્યારે અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનના મેનેજર–પ્રોગ્રામ્સ (હેલ્થ) વિનાયક સોનવણે અને ગ્રાસીમ ઇન્ડસ્ટ્રીઝ લિ.ના સી.એસ.આર. ટીમ લીડર દિલીપ કોરડિયાએ કૂપોષિત બાળકો માટે તેમની કંપનીઓ દ્વારા ચાલતી સી.એસ.આર. એક્ટીવિટી વિશે વિગતવાર માહિતી આપી હતી.

ઇલાબા રાણાએ જણાવ્યું હતું કે, પોષણ અભિયાન આખા દેશમાં ચાલી રહયું છે. વડાપ્રધાનના હસ્તે રાજસ્થાન ખાતેથી આ અભિયાનનું ઇ–લોન્ચીગ કરવામાં આવ્યું હતું. આ અભિયાન હેતુ દેશમાં રહેલું કૂપોષણનું પ્રમાણ ઘટાડવાનું છે. જનઆંદોલનના રૂપમાં આ આંદોલન ઉપાડવામાં આવ્યું છે. સપ્ટેમ્બર મહિનાનો આખો માસ અને માર્ચ મહિનાનો એક સપ્તાહ, પોષણ અભિયાન તરીકે ઉજવવામાં આવે છે. જેમાં લોકોને જોડવામાં આવે છે અને લોકો સુધી આખી બાબતને પહોંચાડવામાં આવે છે. સી.એસ.આર. એકટીવિટીને પણ આ અભિયાનની સાથે જોડવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પોષણ અભિયાન અંતર્ગત ક્વીઝ કોમ્પીટિશન રાખવામાં આવી હતી. જેમાં ૧૦ હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો. ત્યારબાદ રેસીપી કોમ્પીટિશન તથા કિશોરીઓ પાસે પોષણ તોરણ બનાવવામાં આવ્યા હતા. જેમાં રાજ્યની ૯૬ હજાર કિશોરીએ ભાગ લીધો હતો અને પાંચ સૂત્રો લખેલા તોરણો બનાવવામાં આવ્યા હતા. આ તોરણો ગ્રામિણ વિસ્તારમાં સગર્ભા મહિલા તથા કૂપોષિત બાળકોના ઘરે જઇને લગાવી તેઓને સમજણ આપવામાં આવી હતી. તદુપરાંત એક બાળક સાથે પાલક વાલીને પણ પોષણ અભિયાન સાથે જોડવામાં આવ્યા હતા. આ અભિયાન અંતર્ગત રાજ્યભરમાં ૭૧ હજારથી વધુ ન્યુટ્રી ગાર્ડન બનાવવામાં આવ્યા હતા. ગાર્ડન બનાવવા પાછળનો હેતુ લોકો શાકભાજી અને ખાનપાનનું મહત્વ સમજે એ હતો.

વિનાયક સોનવણેએ અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન દ્વારા ચાલતી મહિલા સશકિતકરણ, હેલ્થ એન્ડ એજ્યુકેશન અને વોટર રિસોર્સ મેનેજમેન્ટ વિગેરે પ્રવૃત્તિની વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, કોવિડ– ૧૯ની પરિસ્થિતિ દરમ્યાન પણ તેમની ટીમે ગ્રામિણ વિસ્તારમાં ઘરે ઘરે જઇને મહિલાઓને પોષણ વિશે સમજણ આપી હતી. સાથે જ એચઆઇવી / એઇડ્સ વિશે પણ અવેરનેસ પ્રોગ્રામ્સ કર્યા હતા.

દિલીપ કોરડિયાએ જણાવ્યું હતું કે, ગ્રાસીમ ઇન્ડસ્ટ્રીઝ લિ.ની સી.એસ.આર. ટીમ દ્વારા વર્ષ ૨૦૧૩માં ગ્રામિણ વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણ બાદ ભણવાનું છોડી દેનાર ૯૦૦થી વધુ વિદ્યાર્થીનીઓને ભણાવવામાં આવી હતી. આંગણવાડીઓનો સંપર્ક કરી રેડ ઝોનમાં સમાવિષ્ટ અત્યંત કૂપોષિત બાળકોની કાળજી લેવામાં આવી હતી. ગામડાઓમાં રહેતી ૧૮થી ૩૫ વર્ષની બહેનોને સ્વરોજગાર અપાવ્યો હતો. જેમાં આ બહેનો પાસે રાખડીઓ તેમજ હેન્ડીક્રાફટની વસ્તુઓ બનાવવામાં આવી હતી. હાલમાં ગામડાની બહેનો પાસે એક લાખથી વધુ માસ્ક બનાવડાવવામાં આવ્યા હતા.

યુનિસેફ ઇન્ડિયાના પબ્લીક એન્ડ પ્રાઇવેટ સેક્ટરના પાર્ટનરશીપ્સ ઓફિસર શુભ્રજ્યોતિ ભૌમિકે જણાવ્યું હતું કે, યુનિસેફનું પ્લેટફોર્મ પબ્લીક પ્રાઇવેટ કન્વર્ઝન માટે જ બન્યું છે. જે અંતર્ગત લોકોમાં ન્યુટ્રીશનની જાગૃતતા લાવવા માટે કામ કરવામાં આવે છે.

ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે ઇમ્પેક્ટ ફોર ન્યુટ્રીશનના સેક્રેટરીએટ યામિની મહેરાએ સમગ્ર વેબિનારનું સંચાલન કર્યું હતું.